ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

(રજત જયંતી વર્ષ)

દેશમાં ચૂંટણીની ચૂંથણીની પ્રગટી છે હોળી!
એન્ટાલિયા આંગણે ખંડણીની પ્રગટી છે હોળી!
પ્રગટી હોળી, ઉદ્ધવ સરકારને આવ્યો શેક -
દેશમાં ચારેબાજુ કોરોનાની પ્રગટી છે હોળી!

હાઈકુ

શરદોત્સવે
ખટપટ ખેલનો -
ઊડી ગ્યો રંગ!
(વક્તુંડ ખૂદ વિદ્દમાં)

સળગી ગયો !
મૂલ્યોની હોળીમાં -
પ્રહ્લાદ ખૂદ!!
(હોલિકા-વિજય!!)

### ચિંતન

ઉત્તમા આત્મના ખ્યાતા પિતુ: ખ્યાતાશ્ચ મધ્યમા: ।
અધમા માતુલાત્ ખ્યાતા: શ્વસુરાચ્ચધમાધમા: ॥

ઉપરોક્ત શ્લોક ડિવાઈન સંસ્કૃત સુભાષિતમાંથી લેવામાં આવેલ છે.

પોતાની જાતે જાણીતા થયેલા માણસો ઉત્તમ છે. અને પિતાને લીધે જાણીતા થયેલા મધ્યમ પ્રકારના છે. મામાને લીધે જાણીતા થયેલા અધમ છે અને સસરાને લીધે જાણીતા થયેલા અધમમાં અધમ છે.

મનુષ્ય પોતે પોતાનાં કાર્યો વડે ઓળખાય અને પોતે એવા સારા કાર્યો કરે કે મનુષ્ય સ્વપરિશ્રમથી જ ઓળખાય એ ઉત્તમ પ્રકારનો મનુષ્ય છે. પિતાશ્રી એ એવા કાર્યો કર્યા હોય છે તેથી તે પિતાના નામે ઓળખાય છે. આવા પિતાથી ઓળખાતા મનુષ્યો મધ્યમ પ્રકારના છે.

કેટલાક મનુષ્યો મામાનાં કાર્યો અને સિદ્ધિઓથી મામાના નામે ઓળખાય છે. એટલે કે 'ફલાણાના ભાણેજ તરીકે ઓળખાય છે. તેથી આવા મનુષ્યોને અધમ ગણ્યા છે. કેટલાક મનુષ્યો સસરાના ગુણો અને સિદ્ધિઓથી ઓળખાતા હોય છે. આવા માણસો અધમમાં અધમ છે. એનું કારણ એ છે કે તેઓ પોતાનાં કે પોતાના પૂર્વજોમાં કશો માલ ન હોવાથી ફક્ત સસરાના ગુણ પર આધાર રાખે છે. અને તેમના જમાઈ હોવાથી એક માત્ર લાયકાત સિવાય તેમનામાં બીજું કશું હોતું નથી. એટલે તેઓ અધમમાં અધમ છે.

ટૂંકમાં મનુષ્યે પોતે સ્વપરિશ્રમથી જ પોતાની આગવી ઓળખ પ્રાપ્ત કરવી જોઈએ.

### સુવિચાર

- દુનિયામાં કોઈ દુ:ખી વ્યક્તિને થોડી ઘણી મદદ પણ ઢગલાબંધ સલાહો કરતાં ઘણી સારી છે - **બુલવર**
- તમારામાં સારો માણસ તે જ છે જે દેવું ચૂકવવામાં ઉતાવળ કરે - **હદિસ બોધ**
- માણસને એના સાચા સ્વરુપમાં ઓળખાવો હોય તો તેને સત્તા સ્થાને બેસાડી દો - **યુગોસ્લાવ કહેવત**
- આળસ એ ભૂખરમરા તરફ દોરી જતો માર્ગ છે - **અખંડ આનંદ**
- અંધકાર સામે લડવાનું બળ માણસે પોતાની અંદરથી પ્રગટ કરવાનું છે - **અષો જરથુષ્ટ્ર**
- જીવન એવી રીતે જીવો કે કોઈના પ્રત્યે દિલમાં મેલ ના હોય - **જન્મભૂમિ**
- આજનું ઔષધ : નવશેકા ગરમ પાણીમાં ચપટી સીંધવ મીઠું ઓગાળી પીવાથી પેટ સાફ આવે છે

**(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

કવિ રવિન્દ્રનાથ ઠાકુરના ભત્રીજા સોમેન્દ્ર બાબુને વિચિત્ર શોખ. જગતમાં કોઈ ન કરે તે સોમેન્ટ કરે. એવો એમનો સ્વભાવ. એકવાર એ જંગલમાં જઈ ઘરડું ઘુવડ પકડી લાવ્યા. એને પાંજરામાં પૂર્યું. લોકો પોપટ પાળે સોમેન્દ્ર બાબુએ ઘુવડ પાડ્યું. એમના પત્ની ઘુવડથી ત્રાસી ગયા અને એમને છોડી મૂકવા કહ્યું. પણ સોમેન્દ્ર બાબુ માન્યા નહીં. આખરે કહ્યું, 'આ ઘરડું ઘુવડ મારા ઘરમાંથી જાય એવું કંઈક કરો.' 'રવિન્દ્રનાથે કહ્યું, 'સોમેન્દ્રને મોકલજો હું કંઈક ઉપાય કરું છું.'

બીજે દિવસે રવિન્દ્રનાથને મળવા સોમેન્દ્ર આવ્યા. રવિન્દ્રનાથે કહ્યું, 'ભાઈ, સોમું, આ ઘરમાં બે ઘુવડોની શી જરૂર છે? એક તું તો છે!!'

સોમેન્દ્ર હસી પડ્યા. કવિવરની શીખામણ ગળે ઉતરી ગઈ. એમણે કહ્યું, 'આજે જ હું એ ઘુવડને પાછું જંગલમાં મૂકી આવીશ.'

શિખામણ પણ કેવી હળવી રીતે અપાય તે આ પ્રસંગ પરથી કવિવારે સાબિત કરી બતાવ્યું.

# હોળી-ધૂળેટીની ઉજવણીમાં સાવધાની

**તંત્રીસ્થાનેથી...**

કોરોના સંક્રમણનો નવો દોર અગાઉના હુમલા કરતાં વધારે બળૂકો અને ઘાતક પુરવાર થઈ શકે એછે. તજજ્ઞો બહુ જ ઠાવકાઈથી એની બાબતે સાવચેત રહેવાની ચેતવણી આપી રહ્યા છે. મેદાંતા હોસ્પિટલના નિષ્ણાંત સુપર સ્પેશિયાલિસ્ટ ડૉ. ત્રેહાને ઓડિયો ક્લિપ મારફત તા. ૨૭ માર્ચથી ૧૪ એપ્રિલ દરમિયાન વાઈરસ ભારે બઘડાટી બોલાવશે એવી આગાહી કરી છે. એમને ચીન, યુરોપ અને રશિયા-અમેરિકાનાં એમનાં સૂત્રો પાસેથી મેળવેલી જાણકારી લોકહિતાર્થે વહેતી મૂકી છે. લોકોને શક્ય હોય ત્યાં સુધી ઘરમાં જ રહેવાની સલાહ આપી છે. આવો જ અભિપ્રાય કેન્દ્ર સરકાર પણ ધરાવે છે. કેન્દ્રીય ગૃહસચિવ અજય ભલ્લાએ વધતા જતા કેસ અને મોતના આંકડા સંદર્ભે ૨૩મી માર્ચે જ કોરોનાને નિયંત્રણમાં લેવા માર્ગદર્શિકા મોકલી આપી હતી. રાજયો અને કેન્દ્ર શાસિત પ્રદેશોએ કડકાઈથી 'ટેસ્ટ', 'ટ્રેક' એન્ડ 'ટ્રીટ' - એ પ્રોટોકોલ પાળવાની જરૂર છે. બલકે રાજયોને યોગ્ય લાગે ત્યાં અને ત્યારે તેઓ 'લોકડાઉન' જેવા અંતિમ ઉપાયનો આશ્રય પણ લઈ શકશે. ખાસ તો આ ચેતવણી એ સંદર્ભે છે કે દેશ હોળી-ધૂળેટીના રંગપર્વ દરમિયાન કોરોનાગ્રસ્ત ન થઈ જાય એની કાળજી લેવી જરૂરી છે. એક તરફ આસામ, બંગાળ, કેરળ કે પુડુચેરી અને તમિલનાડુ જેવાં રાજયોમાં ચૂંટણીનો માહોલ છે. ચૂંટણી એટલે રેલીઓની ભીડ, એમાં કોઈ સોશિયલ ડિસ્ટંસ કે કોરોના પ્રોટોકોલ ભાગ્યે જ પાતળું હોય છે. ચૂંટણી નથી એવા મહારાષ્ટ્ર અને કર્ણાટકમાં કોરોનાએ ભારે ત્રાસ મચાવી દીધો છે. છત્તીસગઢ આખું ઝપેટમાં આવી ગયું છે. ગુજરાત તો જાણે કોરોનાનું પિયર જ બની ગયું છે. હવે જયારે એની વેક્સીન લીધા છતાં ચેપ તો લાગતો જ હોય ત્યારે કોઈ સરકાર કે તંત્ર આપણી ઢાલ બની શકે એમ નથી. કોરોનાથી બચવું હશે તો ખુદ આપણે જ આપણી આસપાસ રક્ષાકવચ ઊભું કરવું પડશે. હોળીનો તહેવાર તો એકમેકને રંગવાનો અને રગદોળવાનો તહેવાર છે. એ પ્રેમનો તહેવાર છે - પ્યારનું પર્વ છે. આડા દિવસે આંખ સાથે આંખ ન મિલાવી શકનાર પ્રેમી મળેલા જીવ તે દિવસે બિંદાસ આખી દુનિયાની નજર સામે એકમેકને સ્પર્શે છે, રંગે છે, રંગીન જળમાં તરબોળ કરે છે. હવે આવી નિકટતા કોરોનાના પ્રસાર માટે તો કેટલી બધી અનુકૂળ બની જાય! એટલે સરકારે જાહેરમાં હોળી નહીં રમવાનું ફરમાન કાઢ્યું છે. રમનારા તો જીવના જોખમે પણ રમવાના ! એક વાત સરકારે પણ સમજી લેવાની જરૂર છે : હવે પ્રજાને કોરોનાની ઝાઝી તમા નથી રહી. આ પાર કે પેલે પાર ! બસ, જિવાય એટલું મસ્તીથી જીવી લેવું છે. 'ન જાણ્યું જાનકી નાથે સવારે શું થવાનું છે !' - તો પછી આમ ડરી ડરીને જીવવાનો અર્થ ખરો ? પ્રજામાં, સવિશેષ તો યુવા પેઢીમાં આવી બેફિકરાઈ પ્રવેશી ચૂકી છે ત્યારે કોરોનાને એની સંહારલીલાનું તાંડવ ખેલવા ખુલ્લું અને મોકળું મેદાન ન મળે તો જ નવાઈ ! આવી પરસ્પર વિરોધી માનસિકતા વચ્ચે આ કપરા દિવસો આપણે પસાર કરવાના છે. રાજકારણીઓ રેલીઓ કરશે અને હોળી રમનારા હોળ પણ રમશે. કોરોનાને નિયંત્રણમાં રાખવાની ફરજ હવે સરકારની નહીં, પ્રજાની - એટલે કે મારી અને તમારી બની રહેશે.

# હોળી સળગાવવાનો નહી, પ્રગટાવવાનો તહેવાર છે!



**આરપાર**
**રાઘવજી માધડ**

આપણે ઘણી વાતમાં હોળી સળગાવી એટલે કે આગ લગાડી, પારકા ઘરમાં કજીયો ઘાલ્યાના સંદર્ભમાં હોળીનો ઉલ્લેખ કરતા હોઈએ છીએ પણ હોળી સળગાવવાનો નહી, પ્રગટાવવાનો તહેવાર છે !

આ વખતે સીમ,ખેતર ને વનવગડે કામણગારો કેસૂડો સોળેય કળાએ ખીલ્યો છે.તેનું નીખરેલું સૌંદર્ય જેની સંવેદના સાબૂત હોય તેને તરબતર કરી દે.ફટકેલો ફાગણ ફૂલડે ફોર્યો છે.પ્રકૃત્તિએ નવા કલેવર ધારણ કર્યા છે...આવા વરણાગી વાયરા ને વિખેરાતા વખતે કોઈ ષોડશીના કુંવારા હૈયામાં પ્રેમની કુંપળ ન ફૂટે અથવા કલારસિકના કરકમલમાં પોતે પાળેલી ને પોષેલી કલાનો પ્રસવ ન થાય તો જ નવાઈ...

આજે ફાગણી પૂનમ હોળી, હોલિકા દહનનો સપરમો દહાડો છે. ગામડા ગામનો આ તોફાની તહેવાર ગણાય. કોઈ ટંટા-તોફાન થવાની દહેશતથી ઘણાં ગામોમાં હોળી પ્રગટાવવાનું લગભગ બંધ થઈ ગયું છે. હોળી પ્રગટેતો કોઈ પ્રશ્ન નહીં પણ હોળી સળગે તે કોઈને પાલવે એવું નથી.પણ હોળીના દર્શન કરવા ઘર બહાર ન નીકળતી વહુઆરુ ગાડાઓમાં આવે,નાળીયેર હોમાય, સ્ત્રીઓ ફાગ ગાય..જુવાનીયાઓમાં હોળીમાં હોમાયેલું સળગતું નાળીયેર કાઢી લેવાની હોડ મંડાય..વળી,હોળીની ઝાળ કઈ દિશા તરફ છે તેનાં આધારે ગામની સારી-માઠી દશાનો વરતારો પણ નક્કી થાય...કારણ કે હોળાષ્ટકને પ્રકૃત્તિ સાથે સીધો સંબંધ છે. દરેક ગામ, પરગણાની પોતીકી પરંપરા સાથે જોડાયેલો આ તહેવાર હવે તો તૂટી, છૂટી કે વછૂટી જવાના આરે આવીને ઊભો છે.તેમાં પાછો પાણી,લાકડા, ધુમાડો, કુદરતી રંગો...વગેરે ને સાંકળતો પર્યાવરણનો પ્રશ્ન સામે આવીને ઉભો રહ્યો છે.ત્યારે કયારેક આવી વરવીને વસમી વાસ્તવિકતા પણ રંગમાં ભંગ પાડતી હોય છે.માંહ્યલી મઝા અને મિજાજ માર્યો જતો હોય છે.મોટાભાગના તહેવાર હવે,વહેવારમાં વટલાઈ જવા લાગ્યા છે.અસલિયત અળગી થઈ ગઈ અને કૃત્રિમતા કારગત નીવડવા લાગી છે.મન વગરના તન જેવું અથવાતો પ્રાણ વગરના પંડ્ય જેવું ખાલી ને ખોખલું લાગવાં માંડ્યું છે.

હોળાષ્ટક બેસતાં જ અમુક વિસ્તારમાં મેળાનો માહોલ સર્જાય જાય છે.જ્યાં હોય ત્યાંથી સઘળા કામ છોડી વતન તરફ પ્રયાણ કરે છે.કોઈ પૂછે,મેળો એટલે શું,મેળો કોને કહેવાય?તો જવાબમાં કહે:મેળે મેળે આવે ને મેળે મેળે જાય એનું નામ મેળો ! આવા મેળાઓ કોઈ મંજૂરીની મહોર વગર પરંપરાગત પ્રમાણે આજે પણ ભરાય ને મનભરી ઉજવાય રહ્યા છે.ખાસ કરીને આદિવાસી વિસ્તારમાં ફાગણીયા ફટાણા, પાવા-પાવટી,રાવણહથ્થા,ત્રાંબાળુ ત્રાંસા ઢોલ...સાથે જયારે નરવોને ગરવો કંઠ વહેતો કરે ત્યારે કેસુડાં તો હોંકારો દે સાથે ડુંગરા પણ ડોલવા લાગે ! કારણ કે ડુંગરે ડુંગરે મુગ્ધયૌવન હિલ્લોળે ચઢ્યું હોય છે...ડુંગરાને દેવ માનનારી આ મોજીલી પ્રજા ખાસતો પ્રકૃત્તિને પૂજે છે.તેઓના દ્વારા વનીલ કે વગડાઉ વતનમાં પર્યાવરણનું જતન એ તો સ્વયભું થતું ને સચવાતું રહે છે.કોઈ શિક્ષિત ક્યારેક સલાહ આપી છૂટી જાય છે ને આ લોકો તો સદૈવ સ્વેચ્છાએ પ્રકૃત્તિ સંરક્ષણને અમલમાં મૂકે છે.

આજના ફાગણી પૂનમના દિવસે ખાસતો છોટાઉદેપુર બાજુનો 'ગૈરહ્નનો મેળો નજર સામે તાદ્રશ્ય થઈ ઊઠે છે.આ મેળામાં નાચવા-ગાવાનો લ્હાવો લેવા છેક રાજસ્થાન,મહારાષ્ટ્ર વગેરે રાજ્યોમાંથી પણ લોકો આવે છે.તેમાં સુખ-દુ:ખની આપ-લે સાથે લગ્ન-સંબંધી વ્યવહારની વિગત વહેંચાય.વળી માલ-સામાનની લેવડ-દેવડ પણ થાય. આમ જીવનરીતિ કે નીજી સંસ્કૃત્તિ સાથે જોડાયેલો આ તહેવાર છે.

આ મેળામાં 'ગેરીયો' બને તે શરીર પર ઝાડ-પાન બાંધે, કમરે તુંબડું લટકાવે, ગળે ઘુઘરા રાખે, માથે મોરપિચ્છ સાથેની વાંસની ટોપી ને શરીરે કાળા-ધોળા રંગના ટપકાં કરે. હાથમાં તીર કામઠું લઈ આ ગેરીયો ઢોલના તાલે નૃત્ય કરતો યુવતીઓને રીઝવવાનો પ્રયન્ત કરતો હોય..જેનાથી આખો મેળો ને મનેખ જીવંત બને !

આપણે ભલે કોઈ શહેર કે પાટનગરમાં વસવાટ કરતા હોઈએ, હોદ્દા સાથે વિશેષ લાયકાતનું છોગું હોય પણ આપણા કુળ ને મૂળતો ગ્રામીણ સંસ્કૃતિમાંથી પ્રગટ્યા છે. વાર-તહેવારે જીવ વતનમાં જઈને ઉભો રહે છે.પણ ત્યાં હવે ઘણું બદલાયું છે,હતું એવું કાંઈ રહ્યું નથી.ત્યારે દરેક તહેવાર યથામતિ ને સ્થિતિ પ્રમાણે અંતરમાં પ્રગટાવવાને અને મઝા માણવા માટે હોય છે... ધૂળેટીની રંગબેરંગી શુભેચ્છાઓ !

**છેલ્લે :**

સ્નેહ અને સુગંધને કયારેય તેની હયાતી કે અસ્તિત્વની સાબિતી આપવી પડતી નથી. આપોઆપ ઓળખાય જાય છે.

http://raghavjimadhad.blogspot.com
mo. 94270 50995

# આપણે માણસ છીએ - કબૂતર થોડા છીએ?



**મોરપીંછના રંગ**
**ડો. કનૈયાલાલ ભટ્ટ**

જેવી રીતે માણસોની એક અલગ સૃષ્ટિ હોય છે એમ પક્ષીઓની પણ અલગ દુનિયા હોય છે. અને આપણી જેમ એમના પણ એકબીજા સાથેના વ્યવહારો હોય છે. સંબંધો હોય છે. એને તેઓ નિભાવતા પણ હોય છે. આપણી જેમ તેઓને પણ હૃદય હોય છે. લાગણી હોય છે. આમ છતાંય આપણે માનીએ છીએ કે પક્ષીઓમાં બુદ્ધિ નથી હોતી ? પણ એ ખરેખર આપણો ભ્રમ છે. માણસને ઓળખવાની શક્તિ ઈશ્વરે પક્ષીઓને પણ આપી છે.. ઘણી વખત માણસ માણસને નથી ઓળખી શકતો પણ પક્ષીઓ માણસને ઓળખી જાય છે. મારા ફ્લેટના સેકન્ડ ફ્લોર પરના મારા મકાનમાં શરૂઆતથી જ બે કબૂતર આવે, શરૂઆત એમણે મારાથી કરી, સવારે હું ગેલેરીનું બારણું ખોલું કે તરત એક કબૂતર બેઠક રૂમમાં પ્રવેશે અને ઘૂ ઘૂ ઘૂ ઘૂ કરતું મારી આસપાસ આંટા મારે, મારી બાજુની ખુરશી ઉપર ઉડીને બેસે... મારી સામે જૂએ...ઘૂ ઘૂ ઘૂ કરે.... હું મારા લખવાના કામમાં વ્યસ્ત રહું... ધીમે ધીમે તેઓ આખા રૂમમાં ફરવા લાગ્યા કદાચ તેઓને મારામાં વિશ્વાસ બેસી ગયો હતો પછી તો તેઓ ઉડીની મારી બાજૂમાં પડેલી ટિપોય ઉપરના પુસ્તકો ઉપર આવીને બેસે અને મારા ચહેરાને વાંચે અને ઘૂ ઘૂ ઘૂ કરીને મારી સાથે વાતો પણ કરે અને પછી તેઓ અંદરના રૂમમાં જઈને અભેરાઈ ઉપર રાખેલા થેલા ઉપર બેસી જાય ... ધોમ ધખતો ઉનાળો... સવારના આઠ વાગ્યાથી સાંજ સુધી મારા રૂમમાં તેઓ રહે..વરસાદના દિવસોમાં બહાર ગામ જવાનું હોય તો પણ મારે ઘરની એક બારી ખુલ્લી રાખવાની... ત્યાંથી તેઓ અંદર આવી શકે, એ બારી પાસે મારો સુવાનો પલંગ... કબૂતર બારી માંથી પ્રવેશી બિલકૂલ મારા ચહેરા પાસેથી પસાર થઈ મારા પલંગ ઉપર પણ પગ પાસે બેસે..મારી સામે જૂએ... હું સુઈ રહું... એ ઘૂ ઘૂ ઘૂ ઘૂ કરીને અભેરાઈ ઉપર જતા રહે... બન્ને કબૂતર પતિ પત્ની હતા કેમ કે ઘણી વખત તેઓ એકબીજાને પ્રેમ કરતા.. મસ્તી કરતા... એક વખત સવાર સવારમાં ત્રીજુ કબૂતર અંદર આવેલું ત્યારે એમને ઝગડો પણ થયેલો... ધીમે ધીમે તેઓ બન્ને એક એક સળી ઘરમાં લાવવા માંડ્યા.. લગભગ પંદરેક દિવસ સળી લાવવાની ક્રિયા ચાલી, એક ઘર બનાવવા તેઓ કેટલી મહેનત કરે છે અને આપણે એક ક્ષણમાં આ ઘર વિંખી નાખીએ છીએ... આજે જ સવારે મને થયું કે લાવ હું એમનો માળો સરખો કરી આપું... અને જોયું તો એક સફેદ ઈંડું હતું એ સળીઓના ઘરમાં... થોડીવારે કબૂતર આવ્યું અને ઈંડું સેવવા લાગ્યું... મે બન્ને રૂમના પંખા બંધ કરી દીધા....થોડા દિવસો પછી એક નાનું કબૂતર એમાંથી બહાર આવશે... નવી દુનિયા જોશે... અને એ પણ ઘૂ ઘૂ ઘૂ કરશે....

શું સુચવે છે આ ઘટના ? પૃથ્વી ઉપર સૌથી ભોળું કબૂતર છે એનામાં કોઈ કપટ નથી..એ આપણા ઘરમાં આવે અને આપણે એને ગમે તેટલીવાર ઉડાડી મૂકીએ તો પણ એ ભૂલી જઈને ફરીથી આપણા ઘરમાં આવે છે. એ પણ માણસ ઉપર વિશ્વાસ રાખે છે અને આપણે ? વર્ષોથી લોહી સીંચીને, મહેનત કરીને, સ્વપ્નાઓ રોપીને ઘર બનાવીએ છીએ... નાના નાના કબૂતર જેવા બાળકો આવે છે અને છતાંય આપણે આપણી જીદ, અણસમજ, ગેરસમજ કે નાના મોટા કારણોસર ઘર તોડી નાખીએ છીએ. માળો વિંખી નાખીએ છીએ... એકબીજા ઉપર વિશ્વાસ રાખતા નથી. કબૂતરના માળાની એક એક સળીમાં વિશ્વાસ હોય છે, પ્રેમ હોય છે, સ્વપ્ન હોય છે એ આપણે ભૂલી જઈએ છીએ કેમ કે આપણે......માણસ છીએ ને ! કબૂતર થોડા છીએ ? કે કોઈ ઉપર વિશ્વાસ મૂકીએ ?

મેં એ કબૂતરનો માળો સાચવ્યો છે હજી કબૂતર આવે છે... અત્યારે ઈંડું સેવાય છે કદાચ થોડા સમય પછી નાનું કબૂતર આવશે..... પછી ઉડી પણ જશે.... હું એ માળો એમ જ રહેવા દઈશ કેમ કે મને પણ કબૂતર પર વિશ્વાસ છે કે એ મારા ઘરમાં જ રહેશે...એનું ઘૂ ઘૂ ઘૂ ઘૂ મને હંમેશાં સંભળાવશે.. કેમ કે એ માણસ નથી... કબૂતર છે.

એકા દિવસ હું મારા રૂમમાં સુવા ગયો તો ચીં ચીં ચીં ચીં...અવાજ સંભળાયો, મને થયું કે એ ઈંડા માંથી બચ્ચા બહાર આવી ગયા. સવારે પલંગ ઉપર ચડીને જોયું તો બે બચ્ચા.... થોડી લાંબી ડોક, રતાશ પડતું પીંછા વિનાનું ખુલ્લું શરીર... બન્ને એકબીજાની સાથે ગેલ કરતાહતા... બાજુમાં એની મા હતી. એણે મારી સામે જોયું.. કોઈ પ્રતિભાવ ના આપ્યો. હું નીચે ઉતરી ગયો... લગભગ ૨૫ થી ૨૭ દિવસ સુધી ઈંડું સેવીને એણે બે બચ્ચાને જન્મ આપ્યો હતો... એ ૨૫/૨૭ દિવસનો હું સાક્ષી છું કે એ કબૂતર દિવસ-રાત ત્યાં જ રહ્યું છે... રાતે એ રૂમમાં હું લાઈટ કરું કે પંખો કરું કે કબાટ ખોલું છતાંય એ ત્યાં જ રહે... મેં એની બાજુમાં અને બાજુના કબાટ ઉપર વાટકો તથા થાળીમાં જાર ભરીને મૂકી દીધેલા, અને પાણીની તપેલી પણ... એ ખાય છે.. હવે કદાચ એ બહાર પણ નથી જતું.

– હવે રોજ ઘરમાં ચીં ચીં ચીં સંભળાય છે. બહારથી બીજું કબૂતર આવીને એની સંભાળ લઈ જાય છે...ઈશ્વરે લાગણીનું કેવું અજીબ તત્વ જીવ માત્રમાં મૂક્યું છે.... વિજ્ઞાન બધું બનાવી શકે, શોધી શકે પણ લાગણી નહી – એનું મૂલ્ય અમૂલ્ય છે સૂર્ય-ચન્દ્ર જેમ.... આપણે સોનું – નવી ગાડી - મકાનો – જમીનો –મિલકતો ખરીદી શકીએ છીએ પણ રૂપિયાથી લાગણી ખરીદી શકતા નથી અને તેથી જ આપણું બેંક બેલેન્સ વધતું જાય છે પણ જીવનમાંથી આ લાગણી, સંવેદના કે પ્રેમનું બેલેન્સ આપણે ગુમાવતા જઈએ છીએ વળી એના મૂલ્યની આપણને ખબર નથી અને કદાચ હવે જરૂર પણ નથી. એવું માનીને જીવી લઈએ છીએ. એક કબૂતર પોતાના જીવમાંથી બીજા જીવને આ દુનિયામાં લાવવા કેટલી પ્રક્રિયા માંથી પસાર થાય છે ? અને પછી પણ કેટલી સંભાળ લે છે. અને આપણે ? કશું જ સમજ્યા વિના આવા કબૂતરનો માળો પીંખી નાખીએ છીએ અને ઈંડાઓને... કબૂતર ક્યારેય એ નથી જોતું કે એનું બચ્ચું નર છે કે માદા ? બસ, એને જન્મ આપે છે. અને આપણે ? બન્ને કબૂતર હવે એનો ઉછેર કરશે એને ખાતા - ઉડતા શીખવશે... એમનામાં ક્યાંય કોઈ વિભાવ નથી અભાવ નથી ઈશ્વરના બનાવેલા નિયમો પાળે છે. અને આપણે ? આપણા આચાર-વિચાર, સંસ્કાર, બુદ્ધિ, સમજ-અણસમજ-ગેરસમજ, અહમ, અજ્ઞાન, અંધશ્રદ્ધા, અભાવ, અણગમો, વગેરેને કારણે.. આ લાગણીનું તત્વ ગુમાવી દઈએ છીએ.. આપણો માળો આપણે જ વિંખી નાખીએ છીએ. કારણ કે આપણે માણસ છીએ – કબૂતર થોડા છીએ ? કબૂતર માણસ ઉપર વિશ્વાસ મૂકે પણ માણસ – માણસ ઉપર નહીં. કેમ કે આપણે માણસ છીએ – કબૂતર નહી.

મારી લાગણીના તંતુ પણ આ કબૂતર સાથે જોડાઈ ગયા છે. હું જાણું છું એક દિવસ આ કબૂતરો મારા ઘરમાંથી ઊડી જશે. પણ ભલે.. ઈશ્વરે એમને પણ એમનું આકાશ આપ્યું છે. અને હવે તો બે નવા બચ્ચાઓનું નવું આકાશ. પણ ત્યા સુધી મારા ઘરમાં... કોમળ સ્વરમાં ચીં..ચીં..ચીં..ચીં... અને ધીર ગંભીર સ્વરમાં ઘૂ...ઘૂ...ઘૂ...ઘૂ... સંભળાશે. એ સુખ કાંઈ ઓછું છે ? આપણે માણસ – માણસને છેતરી શકીએ છીએ કબૂતરને નહીં. મારી માટે કબૂતરનો વિશ્વાસ એ જ સૌથી મોટું સુખ છે. મિલકત છે.

● સુખ હોય પણ જીવનમાં જો શાંતિ ના હોય તો સમજી લેવું કે તમે પૈસાથી ખરીદેલી સુવિધાને ભૂલથી સુખ સમજી રહ્યા છો.

9426060601.india@gmail.com

# 'હેપ્પીનેસ ઈન્ડેક્ષ'નો અનહેપ્પી મેસેજ!



**રજળપાટ**
**અજય ઉપાધ્યાય**

'આનંદની એબીસીડી '......' સુખ નો સરવાળો '.......' ખુશી નો ખજાનો '.....' જેવા વિવિધ મોટીવેશનલ પુસ્તકોથી પ્રેરણા લઈને ખરેખર કેટલા લોકો ખુશ... આનંદીત... કે સુખી થાય છે એ ચર્ચાનો અને સંશોધનનો વિષય છે. આવી બૂકોના વેચાણના આંકડાઓ કે કેટલી વાર રિપ્રિંટ થઈ એના આધારે જો ખુશી કે આનંદનો ઓચ્છવ ઉજવવો હોય તો તો જગતના મહતમ લોકો સુખી કે આનંદિત નીકળવાના કેમકે આવી બૂકોનું વેચાણ વિક્રમજનક છે....પણ ખરેખર એવું છે નહીં...! કેમ ? કેમ કે હમણાં જ જાહેર કરાયેલા વર્લ્ડ હેપ્પીનેસ રિપોર્ટ - ૨૦૨૧ મુજબ તો આપણું યાની કી ભારતનું સ્થાન આ લીસ્ટમાં તળિયે છે એટ્લે કે ટોટલ ૧૪૯ દેશોની યાદીમાં યે મેરા ઈન્ડિયા ૧૩૯ માં સ્થાને બિરાજમાન છે. નોંધ રહે કે ગયા વર્ષે આપણે ૧૪૪માં સ્થાને હતા, મતલબ કે પાંચ પાયદાનની પડતી આ વર્ષે નોંધાવી છે. જો કે એ વાત પણ નોંધજો કે આપણાં કરતાં પાકિસ્તાન (૧૦૫), નેપાળ (૮૭), બાંગ્લાદેશ (૧૦૧) વધારે સુખી કે આનંદિત છે!! છે ને સ્ટ્રેંજ..? પણ આ હકીકત છે.

કહેવત છે ને કે 'પડોશીના સુખે સુખી 'પણ અહિયાં સાલું ઊલટું છે, અહિયાં પાડોશીઓ આપણાંથી વધુ સુખી છે. મજાની વાત એ છે કે આ જે 'હેપ્પીનેસ ઈંડેક્સ' જાહેર કરાયો છે એમાં હેપ્પીની વ્યાખ્યા માટે અમુક માપદંડો રાખવામા આવેલા જેમ કે દેશમાં દર વ્યક્તિની આવક, દેશમાં નાગરિકોના સ્વાસ્થ્ય ની સ્થિતિ, અરસપરસ નો વિશ્વાસ, સામાજિક સહયોગ, ભ્રષ્ટાચાર, સમાજમાં ઉદારતા, વ્યક્તિ સ્વતંત્રતા વગેરે વગેરે ની સાથે સાથે લોકો પર જે તે દેશમાં બનેલી હકારાત્મક અને નકારાત્મક ઘટનાઓની અસરની પણ નોંધ લેવાઈ છે... સાલું એના સમજાયું કે આટલો બધો બદનામ દેશ પાકિસ્તાન આ બધી બાબતોમાં આપણાથી ચડિયાતો કેવી રીતે હોય શકે ? જો કે અચરજ કરવા જેવુ બહુ છે નહીં કેમકે ગયા વર્ષે પણ પાકિસ્તાન આ બાબતે આગળ જ હતું. ખેર, રિપોર્ટમાં જે હકીકત છે એને લઈને આગળ ચાલીએ તો એનો અર્થ એ થયો કે વી ધ ઈન્ડિયન્સ બહુ 'હેપ્પી 'નથી ઓર એટલિસ્ટ એમ કહી શકાય કે બીજા દેશોની સરખામણીમાં આપણું જીવન વધુ સુખી કે આનદીત નથી.

આ આખોયે 'હેપ્પીનેસ ઈંડેક્ષ' જે તે સરકારોના કામકાજને વધુ આધીન છે અથવા એમ કહી શકાય કે જે તે દેશમાં સરકાર દ્વારા નાગરિકોને પૂરી પાડવામાં આવતી સુવિધાઓ, તકોનો માપદંડ છે અને જો એમ ગણીએ તો કહી શકાય કે અત્યારની સરકાર નાગરિકોને ખુશી કે આનંદમાં રહેવાના અવસરો આપવામાં ઉણી ઉતરી છે. ઈંડેક્ષનું એક બીજું પાસું લોકોનો લોકો સાથેનો વ્યવહાર પણ છે. લીસ્ટમાં ટોચ પર રહેલ અને છેલ્લા ચાર વર્ષથી ટોપ પર આવનાર ફિનલેંડમાં આ રિપોર્ટ વખતે એક વાત ધ્યાનમાં આવી કે ત્યાં લોકોનો લોકો પર વિશ્વાસ દુનિયાના બીજા દેશો કરતાં વધુ છે. લોકો લોકો વચ્ચેની આપસી સમજબૂજ ફિનલેંડમાં વધુ જોવા મળી. કોવીડ-૧૯ ના સમયમાં લોકોને આનંદમાં રહેવા માટેનું આ એક મોટું પરિબળ ગણી શકાય. વિશ્વાસ જ એક એવું કોમન ફેક્ટર છે કે જે કોવીડ જેવા કપરાકાળમાં લોકોને લોકો સાથે અને એ રીતે સરકાર પરના વિશ્વાસને મજબૂત બનાવે છે. ઈંડેક્ષના ડેટા કલેક્ટ કરતી વખતે લોકોના પ્રતિભાવો લેતા એક વાત બહાર આવી કે કોવીડના શરૂઆતી સમયમાં લગભગ ૪૭% જેટલા લોકો દુખી અથવા તો અનહેપ્પી જોવા મળ્યા. કોવિડના સમયમાં સરકારોની કામગીરીએ પણ આ ઈંડેક્ષના રેટિંગ પર ઘણી અસર કરી છે એવું રિપોર્ટમાં નોંધવામાં આવ્યું છે, બ્રાઝિલ જેવા દેશમાં કે જ્યાં મોતનો આંક ઊંચો હતો ત્યાં સ્વાભાવિકપણે દેશનો હેપ્પીનેસ ઈંડેક્ષ ડાઉન જ આવે. હેપ્પીનેસ ઈંડેક્ષમાં ઉતાર ચઢાવ માટે સામાજિક અસમાનતા અને રાજકીય ગેરવ્યવસ્થા પણ એટલો જ ભાગ ભજવે છે. ભારતના લીસ્ટમાં છેલ્લે રહેવાના કારણો શોધવા જ રહ્યા પણ આપણાથી પણ નીચે રહેલા આફ્રિકન દેશોમાં મોટાભાગે રાજકીય ઉથલપાથલ અને સામાજિક વિષમતા જ કારણભૂત છે. જો કે જગતનો શ્રીમત અમેરિકા પણ એક થી દસમાં નહીં પણ ગયા વર્ષ કરતાં એક સ્થાન નીચે ૧૯માં સ્થાને છે અને એક થી દસમા યુરોપના ટચૂકડા કહી શકાય એવા દેશો છે કે જેના પરથી એટલું સમજી શકાય કે પૈસા એ હેપ્પીનેસ ની ગેરંટી નથી.

ભારત ૨૦૧૭ માં ૧૨૨ માં સ્થાને હતું અને ૨૦૨૧માં ગબડીને ૧૩૯માં સ્થાને આવી ગયું છે ત્યારે આટલી ભારે ગિરાવટની ચિંતા સરકારે ચોક્કસ કરવી જ રહી. ભલે આ ઈંડેક્ષ એક સેમ્પલ સર્વે જ હોય કે દેશની વસ્તીના પ્રમાણમા ખૂબ જ ઓછા લોકોના મંતવ્યો પર આધારિત હોય તો પણ ભારતનું આટલું નીચું સ્થાન એ વાતનો સંકેત છે કે ભારતમાં વિકાસના ફળો મળવામાં કે લોકોની રોજીંદી હાડમારીમાં બહુ ખાસ ફરક નથી પડ્યો. એટિસ્ટ આ ઈંડેક્સના રિઝલ્ટ પછી તમે 'સારે જહાં સે અચ્છા હિંદોસ્તા હમારા' તો ના જ ગાઈ શકો. ! બેરોજગારી અને મોંઘવારી આ બે મુદ્દાઓ કદાચ અનહેપ્પી થવા માટે પૂરતા છે. એવું નથી કે લીસ્ટમાં આગળ રહેલા દેશોમાં આ સમસ્યા નથી પણ એ દેશોએ આ સમસ્યાને મહદઅંશે નાથવાના પ્રયત્નો કર્યા છે. વિશ્વના સૌથી મોટા દેશમાના એક એવા ભારત માટે કદાચ એની વસ્તી જ સૌથી મોટી સમસ્યા છે એની ના નહીં પણ દેશમાં વધી રહેલી ધાર્મિક-સામાજિક અને આર્થિક અસમાનતા એ ઉપરોક્ત બંને સમસ્યા સાથે મળીને લોકોને હેપ્પી થવાના ઓછા ચાંસિસ આપ્યા છે. ભલે ઈંડેક્ષનું મેઈન ફોક્સ આ વર્ષે કોવિડ અને એનો પ્રતિકાર કરતાં લોકોની થીમ પર હતુ પણ સાથે સાથે એ પણ હકીકત છે કે કોવિડ સિવાય પણ સરકાર દ્વારા લોકોની સુખાકારી માટે લેવાતા પગલાં, રોજગારી, સ્વચ્છતા, સમાન તકો જેવા મુદ્દાઓ પણ હેપ્પીનેસને માપવામાં ધ્યાનમાં લેવાયા છે. મતલબ સાફ છે કે લીસ્ટમાં જેટલું રેટિંગ નીચે એનો અર્થ એ કે લોકોમાં એટલી ચિંતા, ક્રોધ, હતાશા, ઉદાસી જેવી નેગેટીવિટી વધી છે.

સરકારો માટે ખરેખર આ ચિંતાનો વિષય જ કહેવાય. જો કે આને નાથવા માટે મધ્યપ્રદેશ, આંધ્ર અને મહારાષ્ટ્રમાં ઓલરેડી ' ખુશહાલી મંત્રાલય ' નામે એક મિનિસ્ટ્રિ જ શરૂ કરી દેવાઈ છે જેનું કામ જ રાજ્યનો વિકાસ જીડીપી ના આધારે નહીં પણ લોકોની ખુશીના આધારે ગણવાનુ છે . એમ તો દેશનો પહેલો 'હેપ્પીનેસ રિપોર્ટ' ૨૦૨૦ માં બહાર પડાયેલો કે જેમાં મિઝોરમ, પંજાબ અને આંદામાન નિકોબારના લોકો વધુ હેપ્પી જોવા મળેલા. ખેર આ બધી તો સરકારો અને આંકડાકીય વાતો થઈ કે જે એક આછો ચિતાર આપે છે ગ્લોબલી લોકોની હેપ્પીનેસનો પણ હકીકત છે કે લોકોને ખુશ રહેવાનુ વાતાવરણ પૂરું પાડવું દરેક સરકારોની ફરજ છે. સુખી રહેવું કે ખુશ રહેવું એ માનવનો અબાધિત અધિકાર છે અને કઈક અંશે એ જ તો જિંદગી જીવવાની સાચી મજા છે. માણસ જેટલો વધુ ખુશ કે આનંદિત એટલા વધુ જીવનમાં આગળ વધવાના ચાંસિસ આવું સાદું ગણિત છે. જીવનમાં પ્રગતિ કરવાનું મુખ્ય પીઠબળ કોઈ હોય તો એ છે આનંદ કે ખુશી. બીજા શબ્દોમાં કહીયે તો ખુશ રહેવું એ જ માનવજીવન ના ઘણા લક્ષ્યો માથી એક લક્ષ્ય છે. ખુશ રહેવું એ આજના કપરા સમયમાં એક ચેલેન્જ છે અને એ ચેલેન્જ સરકાર અને નાગરિકો બંને માટે છે. એટલિસ્ટ ગ્લોબલ હેપ્પીનેસ ઈંડેક્ષ જાગ્યા ત્યારથી સવાર કરીને લોકોની ખુશહાલી વધારવા માટે સરકાર માટે લાલબત્તી સમાન છે.